પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૬૦ | ૨૧ ઓગસ્ટ, ૨૦૨૨, રવિવાર; શ્રાવણ વદ - ૧૦ | પાના - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ભૂપેન્દ્ર પટેલ કેબિનેટમાં બે મોટા ફેરફાર

**કેબિનેટમંત્રી રાજેન્દ્ર ત્રિવેદી પાસેથી મહેસુલ અને પૂર્ણેશ મોદી પાસેથી માર્ગ-મકાન વિભાગ પરત લેવાયો : રાજ્યના રાજકારણમાં મોટી ઉલટફેર પ્રથમવાર બે કેબિનેટ મંત્રીઓના ખાતા પાછા લેવાયા : રાજ્યમંત્રીઓને જવાબદારી સોંપાઈ : સંગઠન મહામંત્રી બી.એલ. સંતોષ ગુજરાત આવી રહ્યા છે : પાટનગરના રાજકીય વર્તુળો ઉત્તેજીત**

ગાંધીનગર, તા. ૨૦

વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે રાજ્યના રાજકારણમાં આજે મોટી ઉલટફેર જોવા મળી છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી અને માર્ગ-મકાન મંત્રી પૂર્ણેશ મોદી પાસેથી તેમના ખાતાઓનો હવાલો લઈ મુખ્યમંત્રીએ પોતે સંભાળ્યો છે અને નીચે બે રાજ્યમંત્રીઓને વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે.

આજે મોડી સાંજે ગાંધીનગરમાં આ રાજકીય ઉલટફેરને પગલે વાતાવરણમાં ગરમીનો માહોલ છવાઈ જવા પામ્યો છે. આ બન્ને મંત્રીઓના પરફોમન્સ નબળા જણાતાં આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે રાજેન્દ્ર ત્રિવેદી પાસેથી મહેસુલ વિભાગનો હવાલો મુખ્યમંત્રીએ લઈ નીચે રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવીને સોંપવામાં આવ્યો છે જ્યારે પૂર્ણેશ મોદી પાસેથી માર્ગ-મકાન હવાલો મુખ્યમંત્રીએ લઈ નીચે રાજયમંત્રી જગદીશ વિશ્વકર્માને સોંપવામાં આવ્યો છે.





મુખ્યમંત્રીએ ખાતાઓનો હવાલો સંભાળી લીધો છે અને કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે રાજ્યમંત્રીઓને તેમના ખાતાઓ ઉપરાંતનો વધારાનો હવાલો અપાયો છે.

રાજકીય વર્તુળોમાંથી મળતા અહેવાલો પ્રમાણે પ્રધાનમંત્રી મોદીએ આજે બપોરે પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલને ફોન કર્યો હતો. પાટિલ એ વેળાએ એક જાહેર સમારંભમાં પ્રવચન આપી રહ્યા હતા તે અધવચ્ચે અટકાવી ફોન પર વાતચીત કરવા દૂર જતા રહ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શું સૂચનાઓ આપી હશે તેને લઈ અટકળો તેજ બની છે.

બીજી તરફ આજે સાંજે રાજયના મુખ્યમંત્રીએ બે કેબિનેટ મંત્રીઓના ખાતાઓ પરત લઈ અને રાજ્યમંત્રીઓને સોંપવાનો નિર્ણય કર્યો છે. કેબિનેટ મંત્રી પાસેથી ખાતાઓ પાછા લેવાનું તેમજ નીચે રાજ્યમંત્રીને વધારાના હવાલો ફાળવવાના નિર્ણય પાછળ શું કારણો હશે તે સમજાતુ નથી.

ગઈકાલે અમદાવાદ આવેલા કેન્દ્રીય ગૃહમંત્રી પણ સાંજે જ દિલ્હી પરત ફર્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# સિસોદિયા સહિત ૧૫ સામે CBIની ફરિયાદ

**મુખ્ય સચિવે બે મહિના પહેલા પોતાનો રિપોર્ટ સોંપ્યો હતો : રિપોર્ટના આધારે દિલ્હીના ઉપરાજ્યપાલે સીબીઆઈને તપાસની મંજૂરી આપી હતી**

નવી દિલ્હી,તા.૨૦

દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાના ઘર સહિત દેશભરમાં ૨૦ સ્થળો પર સીબીઆઈએ દરોડા પાડ્યા છે. છેલ્લા ઘણા સમયથી નવી દારુ નીતિ પર દિલ્હીના ઉપરાજ્યપાલ વિનય કુમાર સકસેનાએ આ મામલે સીબીઆઈ તપાસની મંજૂરી આપી હતી. સીબીઆઈએ દારુની એકસસાઈઝના કૌભાંડમાં સિસોદિયા સહિત ૧૫ લોકોને આરોપી બનાવ્યા છે. સીબીઆઈની રેડ પછી રાજકારણ ગરમાઈ ગયું છે. દિલ્હીના સીએમ કેજરીવાલથી લઈને સંજય સિંહ, રાઘવ ચઢ્ઢા સહિતના નેતાઓ કેન્દ્ર સરકાર અને ભાજપને ટાર્ગેટ કરી રહ્યા છે.



સીબીઆઈની એફઆઈઆરમાં દિલ્હીના ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયા ઉપરાંત તત્કાલીન એકસાઈઝ કમિશનર અરવા ગોપીકૃષ્ણા, તત્કાલીન ડેપ્યુટી કમિશનર ઓફ એકસસાઈઝ આનંદ તિવારી, એડિશનલ કમિશનર ઓફ એકસસાઈજ પંકજ ભટનાગર, એન્ટરટેઈન્મેન્ટ એન્ડ ઈવેન્ટ મેનેજમેન્ટ કંપની ઓનલી મચ લાઉડરના સીઈઓ વિજય નાયર, પેરનોડ રેકોર્ડના પૂર્વ કર્મચારી મનોજ રાય, બ્રિન્ડકો સેલ્સ પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર અમનદીપ ઢલ, ઈન્ડોસ્પ્રિટ ગ્રુપના મેનેજિંગ ડિરેક્ટર સમીર મહેન્દ્રુ, બડી રિટેલ પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર અમિત અરોરા, બડી રિટેલ પ્રાઈવેટ લિમિટેડ ફર્મ, દિનેશ અરોરા, મહાદેવ લિકર્સ ફર્મ, મહાદેવ લિકર્સના સીનિયર અધિકારી સન્ની મારવાહ, અરુણ રામચંદ્ર પિલ્લઈ, અર્જુન પાંડે અને અજાણ્યાનો ઉલ્લેખ કરાયો છે.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું કે, નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાના ઘરે સીબીઆઈના દરોડા વૈશ્વિક સ્તર પર વખાણાઈ રહેલા તેમના સારા પ્રદર્શનનું પરિણામ છે. તેમણે કહ્યું કે, પહેલા પણ સીબીઆઈના દરોડા પડ્યા છે અને આ વખતે પણ કંઈ નહીં મળે.

# ભાજપ કારણ વગર રાજકારણ કરે છે : સિસોદિયાનો આક્ષેપ

**કેજરીવાલ લોકપ્રિય હોવાથી બીજેપી પરેશાન હોવાનો દાવો**

નવી દિલ્હી, તા.૨૦

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) એ શુક્રવારે દિલ્હી એકસાઈઝ પોલીસી કેસના સંબંધમાં મનીષ સિસોદિયાના નિવાસસ્થાન અને અન્ય ૨૦ સ્થળો પર દરોડા પાડ્યા હતા. તપાસ એજન્સીએ દાવો કર્યો છે કે, સિસોદિયાના નજીકના સહયોગીની કંપનીને કથિત રીતે ૧ કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા હતા. જો કે, સિસોદિયાએ આ તમામ આરોપોને નકારી કાઢ્યા છે. દરોડા બાદ શનિવારે તેમણે આ સમગ્ર મામલે બીજેપી પર કારણ વગર રાજકારણ કરવાનો આરોપ લગાવ્યો હતો. શિક્ષણ મંત્રીએ કહ્યું કે, ન્યુયોર્ક ટાઈમ્સમાં કોરોના કાળમાં ગંગા કિનારે સળગતા મૃતદેહોની તસવીર છપાઈ હતી. હવે અમારી શિક્ષણ નીતિની તસવીર છપાઈ. દેશવાસીઓને તેના પર ગર્વ થયો પરંતુ બીજેપીને આ વાત સારી ન લાગી. તેમને અરવિંદ કેજરીવાલના લોકપ્રિય હોવાથી હેરાની છે.




તેમણે કહ્યું કે, દિલ્હી સચિવાલયની મારી ઓફિસમાં પણ દરોડા પાડવામાં આવ્યા હતા. સીબીઆઈએ મારા પરિવાર સાથે સારો વ્યવહાર કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# મહિલા ફાસ્ટ બોલર ઝુલન ગોસ્વામીએ નિવૃત્તી જાહેર કરી

**ભારતીય મહિલા ક્રિકેટ ટીમને વધુ એક આંચકો : ઝુલન ગોસ્વામી મહિલા વનડેમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર, તેમણે ૨૦૧ મેચમાં ૨૫૨ વિકેટ ઝડપી હતી**

નવી દિલ્હી, તા.૨૦

ભારતીય મેન્સ ક્રિકેટની સાથે હવે મહિલા ક્રિકેટમાં પણ ધરખમ ફેરફાર થઈ રહ્યાં છે. ટોચના સિનિયર ખેલાડીઓ મેદાને અલવિદા કહી રહ્યાં છે. મિથાલી રાજ બાદ હવે વધુ એક મહિલા ક્રિકેટરે ભારતીય ક્રિકેટના તમામ ફોર્મેટને અલવિદા કહેવાનો નિર્ણય કર્યો છે.

ભારતની સુપર ફાસ્ટ બોલર ઝુલન ગોસ્વામીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે. ઝુલન ૨૪ સપ્ટેમ્બરના રોજ લોર્ડ્સમાં ઈંગ્લેન્ડ સામે છેલ્લી વનડે રમશે. ઝુલન ગોસ્વામી મહિલા વનડેમાં સૌથી વધુ વિકેટ લેનાર બોલર છે.

તેમણે ૨૦૧ મેચમાં ૨૫૨ વિકેટ લીધી છે. આ સાથે જ મહિલા વનડે વર્લ્ડ કપમાં સૌથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ પણ તેમના નામે છે. તેમણે વર્લ્ડ કપની ૩૪ મેચમાં ૪૩ વિકેટ લીધી છે.

૩૯ વર્ષીય ઝુલનને ઈંગ્લેન્ડ સામેની ઁ શ્રેણી માટે ભારતીય ટીમમાં પસંદ કરવામાં આવી છે. જોકે, ઝુલન ગોસ્વામી કોમનવેલ્થ ગેમ્સ માટે ભારતીય ૨૦ ટીમનો ભાગ નહોતી. યુવાનોને તક આપવા માટે ઝુલને નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો છે. પોતાના કરિયરમાં ૧૨ ટેસ્ટ, ૨૦૧ વન-ડે અને ૬૮ ટી ૨૦ ઈન્ટરનેશનલ મેચ રમી છે. ટેસ્ટમાં ઝુલનના નામે ૪૪ વિકેટ,વન-ડેમાં ૨૫૨ વિકેટ અને ૨૦ ઈન્ટરનેશનલમાં ૫૬ વિકેટ ઝુલને તેમના નામે છે.આ સિવાય તેમણે વર્લ્ડ કપમાં બે વખત ૪-૪ વિકેટ લેવાની સિદ્ધિ મેળવી છે.

ઝુલન ગોસ્વામી પર એક મૂવી પણ બની રહ્યું છે જેમાં તેમનો રોલ અન્ય કોઈ નહીં પરંતુ અનુષ્કા શર્મા ભજવશે. તાજેતરમાં મિતાલી રાજે પણ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી હતી.

# બાંકેબિહારી મંદિરમાં ભાગદોડ

**વૃંદાવનમાં બાંકેબિહારી મંદિરમાં ભાગદોડથી બે કચડાયા : અનેક ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં ખસેડાયા, ભીડ એટલી વધારે હતી કે અનેક લોકો આરતી દરમિયાન જ બેભાન**

મથુરા, તા.૨૦

દેશભરમાં લોકોએ જન્માષ્ટમીના પર્વની ધામધૂમથી ઉજવણી કરી, તેવામાં મથુરાથી એક માઠા સમાચાર સામે આવ્યા છે. અહીં વૃંદાવનના પ્રસિદ્ધ બાંકે બિહારી મંદિરમાં શુક્રવારની રાતે મંગળા આરતી દરમિયાન ભાગદોડ મચી ગઈ હતી.



આ ભાગદોડમાં શ્વાસ રુંધાઈ જવાને કારણે બે શ્રદ્ધાળુઓનાં મૃત્યુ થયા હોવાની પણ જાણકારી મળી રહી છે. આ સિવાય અનેક લોકો ઈજાગ્રસ્ત પણ થયા છે. ઈજાગ્રસ્ત શ્રદ્ધાળુઓને હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના અવસર પર બાંકે બિહારી મંદિરમાં શ્રદ્ધાળુઓની ભારે ભીડ ઉમટી પડી હતી. તંત્રએ ભીડ પર નિયંત્રણ મેળવવા માટે તમામ તૈયારીઓ કરી હતી, પરંતુ તે પૂરતી નહોતી. જેના પરિણામે ભાગદોડની સ્થિતિ સર્જાઈ અને બે શ્રદ્ધાળુઓએ પોતાના જીવ ગુમાવ્યા. પ્રાપ્ત જાણકારી અનુસાર, ભીડ એટલી વધારે હતી કે અનેક લોકો આરતી દરમિયાન જ બેભાન થઈ ગયા હતા. મૃતકોમાં એક મહિલા નોઈડાના રહેવાસી હતા. જ્યારે આ દુર્ઘટના બની છે તો આરોપ-પ્રત્યારોપ પણ શરુ થઈ ગયા છે. લોકો તંત્રની તૈયારીઓ સામે પ્રશ્ન કરી રહ્યા છે. લોકો દ્વારા આરોપ મૂકવામાં આવી રહ્યો છે કે, અનેક વરિષ્ઠ અધિકારીઓએ પોતાના સ્વજનોને વીવીઆઈપી દર્શન કરવા માટે બોલાવ્યા જેના કારણે લોકોને સુરક્ષિત બહાર નીકાળવામાં તકલીફ પડી. જો કે, તંત્ર દ્વારા આ પ્રકારના આરોપો ફગાવી દેવામાં આવ્યા છે.

તમને જણાવી દઈએ કે, કૃષ્ણ જન્માષ્ટમીના અવસર પર મથુરાના પ્રસિદ્ધ મંદિરોમાં સેંકડો શ્રદ્ધાળુઓ પૂજા-અર્ચના કરવા માટે આવે છે. તેમાં મોટી સંખ્યામાં વિદેશી ભક્તો પણ હોય છે. આ વર્ષે પણ આ ભક્તોએ ધૂમદામથી શ્રીકૃષ્ણ જન્મોત્સવમાં ભાગ લીધો. ઉત્સવમાં હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ શ્રીકૃષ્ણ જન્મસ્થાનના વિશાળ પ્રાંગણમાં સવારે ઢોલ અને શરણાઈની ધુન પર નૃત્ય કરીને ખુશી વ્યક્ત કરે છે. મથુરાના મુખ્ય રસ્તાઓને આ અવસર પર ખાસકરીને સજાવવામાં આવે છે. અહીં જન્માષ્ટમીના અવસર પર તમામ હોટલ, લોજ તેમજ આશ્રમ ભક્તોથી ભરાઈ જાય છે. ઘણાં લોકો તો ફૂટપાથ પર રાત પસાર કરતા હોય છે. ગઈકાલે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ ભગવાન શ્રીકૃષ્ણની પૂજા કરવા માટે મથુરા પહોંચ્યા હતા.

# ન્યૂયોર્કમાં તોફાની તત્વોએ ગાંધીજીની પ્રતિમા તોડી

**શખ્સોએ માત્ર મહાત્મા ગાંધીની પ્રતિમા જ નહોતી તોડી પરંતુ મંદિરની દિવાલ પર કેટલાક ખરાબ શબ્દો પણ લખ્યા હતા**

નવી દિલ્હી,તા.૨૦

અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં એક હિંદુ મંદિર બહાર સ્થાપિત કરાયેલી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની પ્રતિમાને આ મહિનાની શરૂઆતમાં કેટલાક તોફાની તત્વોએ ક્ષતિગ્રસ્ત કરી હતી. ત્યારબાદ હાલમાં છ જેટલા અજાણ્યા શખ્સોની ટોળીએ આ પ્રતિમાને નફરતની ભાવનાથી નષ્ટ કરી હતી. આ સમગ્ર ઘટનાની ભારતે ઘૃણાસ્પદ ગણાવીને નિદા કરી છે. ભારત તરફ આ વિષયને અમેરિકાના અધિકારીઓ સમક્ષ ઉઠાવવામાં આવ્યો છે, જેથી કૃત્ય કરનારા જવાબદાર લોકો સામે કાર્યવાહી કરવામાં આવે. ન્યૂયોર્ક શહેર પોલીસે આપેલા નિવેદન પ્રમાણે, કેટલાક અજાણ્યા શખ્સોએ તુલસી મંદિર સામે સ્થિત એક ધાર્મિક પ્રતિમાને ક્ષતિગ્રસ્ત કરી હોવાની ૧૬ ઓગસ્ટે રાતે ૧૨.૩૦ કલાકે તેમને સૂચના મળી હતી. પોલીસે આ હરકત કરનારા શખ્સોને શોધવામાં મદદ કરવા માટે સ્થાનિકોને વિનંતી કરી છે. ન્યૂયોર્કના અધિકારીએ એક નિવેદનમાં શ્રી તુલસી મંદિરની બહાર આવેલી મહાત્મા ગાંધીની પ્રતિમાને બીજી વખત તોડવામાં આવી હોવાનું જણાવ્યું હતું. રિપોર્ટ્સ પ્રમાણે, સીસીટીવી ફૂટેજમાં એક શખ્સ ગાંધીજીની પ્રતિમાને હથોડીથી તોડતો દેખાયો હતો. થોડી મિનિટ બાદ, છ શખ્સોનું જૂથ ત્યાં આવ્યું હતુ અને પ્રતિમાને એકદમ નષ્ટ કરી દીધી હતી. રિપોર્ટ્સ પ્રમાણે, સાઉથ રિચમાઉંડ હિલમાં સ્થિત શ્રી તુલસી મંદિરના સ્થાપક લખરામ મહારાજે લોકો હવે મંદિર જતાં ડરી રહ્યા હોવાનું જણાવ્યું હતું. શખ્સોએ માત્ર મહાત્મા ગાંધીની પ્રતિમા જ નહોતી તોડી પરંતુ મંદિરની દિવાલ પર કેટલાક ખરાબ શબ્દો પણ લખ્યા હતા. તપાસ કરી રહેલા અધિકારીઓએ જણાવ્યું હતુ કે, બે અઠવાડિયા પહેલા જ ગાંધીજીની પ્રતિમાને નુકસાન પહોંચાડ્યું હતું. આ દરમિયાન વાણિજ્ય દૂતાવાસે જણાવ્યું હતુ કે, તેઓ ક્વીન્સ, ન્યૂયોર્કમાં એક મંદિર બહાર મહાત્મા ગાંધીની પ્રતિમાની તોડફોડની તેઓ સખત નિંદા કરે છે.

# રામદેવરા દર્શને જઈ રહેલા ૭ શ્રદ્ધાળુઓના મોત

**૨૦થી વધુ લોકો ઘાયલ : અંબાજીથી યાત્રાળુઓ ટ્રેક્ટર ટ્રોલી લઇને રામદેવરા દર્શન માટે જઈ રહ્યા હતા ત્યારે પાલી જિલ્લાના સુમેરપુર પાસે દુર્ઘટના સર્જાઈ**

અમદાવાદ,તા.૨૦


રાજસ્થાનના પાલી જિલ્લાના સુમેરપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રામદેવરા યાત્રાળુઓને લઈને મોટી દુર્ઘટના સામે આવી છે. જેમાં ૭ લોકોના મોત થયા છે તો ૨૦થી વધુ લોકો ઘાયલ થયા છે. યાત્રાળુઓથી ભરેલી ટ્રેક્ટર ટ્રોલીને એક બેકાબૂ ટ્રકે ટક્કર મારી છે. દુર્ઘટનામાં ૭ રામદેવરા યાત્રાળુઓના મોત થયાની સૂચના મળી રહી છે. દુર્ઘટના બાદ ઘટના સ્થળ પર હાહાકાર તેમજ કોહરામ મચી ગયો. ટ્રેક્ટર ટ્રોલીમાં સવાર લગભગ ૨૫ મહિલા અને પુરૂષના ઘાયલ થયા હોવાના અહેવાલ છે. આ દુર્ઘટના પાલી જિલ્લાના સુમેરપુર પાલીસ સ્ટેશન વચ્ચે નેશનલ હાઈવે પર બની છે. દુર્ઘટનામાં મૃતકોની સંખ્યા વધી શકે છે. કેટલાક ઘાયલોને સુમેરપુરની હોસ્પિટલમાં તો કેટલાકને શિવ ગંજની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ગુજરાતના અંબાજીથી યાત્રાળુઓ ટ્રેક્ટર ટ્રોલી લઈને રામદેવરા દર્શન માટે જઈ રહ્યા હતા કે પાલી જિલ્લાના સુમેરપુર પાસે આ દુર્ઘટના સર્જાઈ છે. રામદેવરા યાત્રાળુઓને દુર્ઘટનાથી બચાવવા માટે પાલી જિલ્લા કલેક્ટર તેમજ પાલી જિલ્લા પોલીસ અધિકારીએ દુર્ઘટનાઓ પર લગામ લગાવવા માટે માર્ગો પર દોડતા વાહનોની ગતિ નક્કી કરી હતી.

કેન્સરના રોગોની નિયમિત ઓ.પી.ડી.
માતુલ્ય વુમન્સ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે

Zydus Hospitals
Cancer Centre

25 ઓગસ્ટ, ગુરૂવારના રોજ
ડૉ. નહુષ ટહિલિયાણી
MD, DM
(મેડિકલ ઓન્કોલૉજી અને હિમેટોલૉજી)
તમામ પ્રકારની કીમોથેરાપી, ટાર્ગેટેડ થેરાપી અને આધુનિક "ઈમ્યુનોથેરાપી"ના નિષ્ણાંત

મહિનાના બીજા અને ચોથા ગુરૂવારે
ઉપલબ્ધ સારવાર
● મોંઢા અને ગળાના કેન્સર ● ફેફસાનાં કેન્સર ● સ્તન કેન્સર ● મગજમાં ગાંઠ ● આંતરડા તથા મળમાર્ગના કેન્સર ● લીવર, કીડની તથા પ્રોસ્ટેટ કેન્સર ● લોહીના કેન્સર (લ્યુકેમીયા, લીમ્ફોમા) ● ગર્ભાશયના મુખ અને અંડાશયના કેન્સર ● ચામડી, હાડકાના કેન્સર, સારકોમા
સાંજે 6.00 થી 8.00 કલાકે
માતુલ્ય વુમન્સ હોસ્પિટલ, B-305, VTC વૃંદાવન ટ્રેડ સેન્ટર, કાનમ ગ્રીન્સ પાર્ટી પ્લોટ સામે, રીલાયન્સ ક્રોસ રોડ નજીક, કુડાસણ, ગાંધીનગર
રજીસ્ટ્રેશન માટે સંપર્ક : પાર્થ જોષી - 96010 78421
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
ઝાયડસ કેન્સર સેન્ટર ઝાયડસ હૉસ્પિટલ રોડ, એસ.જી. હાઈવે, થલતેજ, અમદાવાદ-54.
*આ માહિતી માત્ર દર્દીની જાણ માટે જ છે.



SCAN FOR LOCATION
TRILOK
ONLY PREMIUM LIVING
• TWO FLAT ON EACH FLOOR
• More Then 70% Open Area
• All Life Style Amenities
• 11'4" Floor Height
• It's Called Premium Living
TRILOK OPERA
4 & 3 BHK, GARDEN VIEW, LUXURIOUS FLATS
પ્રમુખ ગ્રીન પાર્ટી પ્લોટની પાછળ, ખ રોડ, સરગાસણ, ગાંધીનગર
RERA: PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/OTHERS/RAA10439/140722
WEB : WWW.GUJRERA.GUJARAT.GOV.IN
+91 96013 84500